# Brampton Transit માં તમારું સ્વાગત છે

**Brampton Transit** એક પરવિહન પદ્ધતછિ જેમાં તમારે વાહન પર ચઢો ત્યારે પૈસા ભરવાના હોય છે. આ પદ્ધતપિૂરા શહેરમાં ફરવાની સેવા આપે છે અને આસપાસના ક્ષેત્રો માટે જોડાણ પણ આપે છે.

Follow us on Twitter @BTZum
Like us on Facebook: BTZum

## eRide

eRide Plan online. Anytime.

eRide, Brampton Transit ની પુરસ્કાર-વજિતા ઑનલાઇન પ્રવાસની યોજના છે. તેના બસ રૂટ અને સમયપત્રકો અત્યારે ઈંગ્લશિમાં ઉપલબ્ધ છે. તેના અરસ-પરસ સંપર્ક રાખે માટેના નકશાઓ અને ઉપયોગ-માટે-સરળ હોય તેવા મુકામના સ્થળ છે, તમે તમારા પ્રવાસની યોજના થોડી જ ક્ષણોમાં કરી શકો છો.

તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે નીચે પ્રમાણે જણાવ્યું છે:

- www.bramptontransit.com ની મુલાકાત લો અને eRide પર ક્લકિ કરો.
- પ્રારંભના સ્થળનો એન્ટર(પ્રવેશ) કરો. આ તમારું સરનામું, શહેરનું કોઈ માર્ગદર્શક ચહ્નિ, અથવા કોઈ ઈન્ટરસેક્શન હોઈ શકે છે.
- તમારા મુકામના સ્થળને એન્ટર કરો.
- તમારા પ્રવાસની તારીખ અને સમયની પસંદગી કરો.
- તમારા પ્રવાસના વકિલ્પોની પસંદગી કરો, જેમ કે સૌથી ઝડપી પ્રવાસ અથવા સ્કૂલનો રૂટ.
- શો ટ્રપિ પ્લાન (પ્રવાસની યોજના બતાવો) પર ક્લકિ કરો.

થોડી જ ક્ષણોમાં પ્રવાસની વગિતવાર આઇટનિરિ(પ્રવાસનું આયોજન) દેખાશે અને શહેરની બીજી બાજુ સુધી જવા માટે તમે પ્રસ્થાન કરી શકશો. પૃષ્ઠની સૌથી ઉપર આપેલા વ્યુ શેડ્યુલ (સમયપત્રક જુઓ) ટૅબ પર ક્લકિ કરી તમે વ્યક્તગિત સમયપત્રકો પણ જોઈ શકો છો.

## બીજા બસની માહતિી

હવે સાચો સમય બતાવતી બીજી બસની માહતિી ઑનલાઇન, ઈમેઈલ અને ફોન દ્વારા ઉપલબ્ધ છે. ચાર-આંકડાના બસના નંબરનો ઉપયોગ કરી તપાસ કરો કે, તમારા સ્થળ (સ્ટૉપ) પર તમારી બસ ક્યારે આવે છે – અહીયા બતાવ્યું છે, કેવી રીતે કરવું.

**ઑનલાઇન**

www.bramptontransit.com ની મુલાકાત લો અને નૅક્સ્ટ રાઈડ પર ક્લકિ કરો.

a) તમારા સ્ટૉપ પર આગળ આવતી બીજી બસ ક્યારે આવે છે તે જોવા તમારા ચાર-આંકડાના સ્ટૉપ નંબરને એન્ટર કરો. જો તમને તમારા ચાર-આંકડાના નંબર વષિે જાણકારી ન હોય તો, તે શોધવા તમે ફાઈન્ડ બાય રૂટ અથવા ફાઈન્ડ બાય એડ્રેસ ના ટૅબની પસંદગી કરો.

b) જો તમારી પાસે સ્માર્ટ ફોન હોય તો, જવા માટે ઝડપી પ્રવેશ મેળવવા મોબાઈલ સાઇટ પર બુકમાર્ક લગાવો nextride@brampton.ca.

**ઈમેઈલ**

તમારા ચાર-આંકડાના બસ સ્ટૉપ નંબર સાથે nextride@brampton.ca. પર ઈમેઈલ મોકલો. તમને જવાબ મળશે કે તમારા સ્ટૉપ પર આગળની બસ ક્યારે આવવાની છે.

**ફોન**

905.874.2999 નંબર પર ફોન કરો અને સૂચનાઓને અનુસરો. તમારા ચાર-આંકડાના બસના નંબરને એન્ટર કરો અને સાંભળો કે તમારા સ્ટૉપ પર આગળ આવતી બીજી બસ કયા સમય પર આવવાની છે.

ગ્રાહક સેવા

905.874.2999 પર ફોન કરી 4 દબાવો જેથી તમે અમારા કૉલ સેન્ટરમાં પ્રતનિધિિસાિથે વાત કરી શકો. મદદ માટે કૉલ કરો, ત્યારે કૃપા કરી તમારી ભાષાનું નામ ઈંગ્લશિમાં જણાવો અને ત્યાર પછી એક દુભાષયિાને (ઇંટરપ્રેટર) તમારા માટે નયિુક્ત કરવામાં આવશે. દુભાષયિા માટે તમારે કોઈ ચુકવણી કરવાની હોતી નથી. દુભાષયિા સાથે તમારો સંપર્ક કરવામાં આવે ત્યાં સુધી કૃપા કરી લાઈન પર જ રહેશો.

કૃપા કરી નોધ લો: બ્રેમ્પટન અંદર Brampton Transit માં પ્રવાસ કરવા માટેની સંબંધતિ માહતિીને જ અમે પૂરી પાડશું.

## Züm

Züm, Brampton Transit ની નવી બસ રૅપડિ ટ્રૅન્ઝટિ [Bus Rapid Transit (BRT)] સેવા છે જેની રજૂઆત 2010માં થઈ. Züm એક વશ્વિસનીય, પૂરા-દવિસ માટેની, મર્યાદતિ-સ્ટૉપ સેવા છે જે અમારી પરંપરાગત બસો સાથે જ ચાલે છે. મહત્ત્વપૂર્ણ રીતે તે અમારી સમાવેશક સેવાની ગુણવત્તા સુધારે છે અને બ્રેમ્પટન તથા પૂરા ગ્રેટર ટૉરોન્ટો એરયિા (ક્ષેત્ર) [Greater Toronto Area (GTA)] માં રહેવાસીઓને વધારે સારું જોડાણ આપે છે અને યોર્ક રીજન (York Region), મસિસિૉગા (Mississauga) અને ટૉરોન્ટો (Toronto) સાથે સીધો સંપર્ક આપે છે. Brampton Transit માટે Züm એક અજોડ ઉમેરો છે, પરંતુ આ સેવા અલગ રીતે કાર્ય કરતી નથી. આનો અર્થ એ થાય છે કે તમે સરળતાપૂર્વક બે સેવાઓ વચ્ચે અવરજવર કરી શકો છો અને મહત્ત્વપૂર્ણ વાત છે કે, તમારે વધારે ચુકવણી કરવી નહીં પડે.

## વાહનનું ભાડું

વાહનમાં ચઢો ત્યારે યાત્રીઓને વિનંતિ કરવામાં આવે છે કે તેઓ ભાડાંના પૈસા તૈયાર રાખે. આ રોકડમાં ભાડું, ટિકિટ, પાસ અને/અથવા PRESTO હોઈ શકે છે. બધા ભાડાં જેમાં ટિકિટ, પાસ અને PRESTO કાર્ડનો સમાવેશ થાય છે તેમને Brampton Transit ના ચાર ટર્મિનલ પરથી અને/અથવા પૂરા શહેરમાં અનેક ટિકિટ એજંટો તરફથી ખરીદવામાં આવી શકાય છે.

PRESTO એક આધુનિક ઈલેક્ટ્રોનિક ભાડું ભરવાની પદ્ધતિ છે જેના દ્વારા તમે ટ્રૅન્ઝિટ પદ્ધતિઓની વચ્ચે અને અંદર સરળતાથી હરીફરી શકો છો. પૈસા (જેને e-purse કહે છે) અથવા તમારા અઠવાડિયાના કે મહિનાના પાસને સીધી રીતે કાર્ડ પર લોડ કરો (નાંખો) અને ક્યારેક પણ તમારી ટિકિટ, પાસ કે ટ્રાન્સફર ગુમ થઈ જવાની ચિંતા નહી કરો કારણકે એ બધાનો સંગ્રહ કાર્ડ પર થઈ ગયો હોય છે! જે ગ્રાહકો કાર્ડનું રજિસ્ટ્રેશન કરાવે છે તેમને પણ લાભ થાય છે. જો તમારું કાર્ડ ગુમાઈ જાય કે ચોરી થઈ જાય તો તેની જગ્યા પર બીજું આવી શકે છે અને બાકી બચેલી રકમ ફરીથી જમા થઈ જાય છે. પ્રત્યેક Brampton Transit બસ સેવા પર PRESTO ઉપલબ્ધ હોય છે.

## સ્થળાંતર

જ્યારે તમે તમારું ભાડું ભરો ત્યારે ઑપરેટરને તમારા સ્થળાંતર માટે વિનંતિ કરો અને સ્થળાંતરના સમય દરમ્યાન અમર્યાદિત પ્રવાસ માટે તમારો હક રહેશે. સ્થળાંતર (ટ્રાન્સફર) મળે તે સમયથી બે ક્લાક પછીથી તે ટ્રાન્સ્ફરનો અંત થઈ જશે.

- કોઈ પણ સ્થાન પરથી નીચે જણાવેલા ટ્રૅન્ઝિટ સેવા આપનારાઓ તરફથી Brampton Transit સેવા સ્થળાંતરોને માન્ય રાખશે, જો સ્થળાંતર માટે સમય બાકી રહ્યો હોય તો:
  - MiWay
  - YRT/VIVA
  - Oakville Transit
  - Burlington Transit
  - Hamilton Street Railway
  - Durham Region Transit
  - TTC – ઝોન 3 ફકત પંચ કરેલા સ્થળાંતર

જો તમે PRESTO કાર્ડ વાપરતા હોવ, તો તમારે બસ ઑપરેટરને સ્થળાંતર માટે પૂછવાની આવશ્યકતા હોતી નથી, સ્વયંચાલિત રીતે તેનો કાર્ડમાં સંગ્રહ થયો હોય છે અને તમે સ્થળાંતર મળે તે સમયથી આગળ બે ક્લાક માટે પ્રવાસ કરી શકો છો.

નોંધ:

- રોકડ ભાડાં માટે નિશ્ચિત પરચૂરણની જરૂરત રહે છે.
- તમારા બસ સ્ટૉપ પર ઓછામાં ઓછું 5 મિનિટ વહેલા પહોંચી જવું જોઈએ.
- જ્યારે તમે બસમાં ચઢો ત્યારે જ સ્થળાંતર માટે વિનંતિ કરી દેવી જોઈએ, રૂટની સાથેસાથે નહી.

બધા સમય સમયપત્રકોના જ સમય હોય છે. ટ્રાફિક અને આબોહવાની પરિસ્થિતિઓના કારણસર સાચા સમયમાં ફેરફાર થઈ શકે છે. કોઈ પણ નુકસાન અથવા વ્યવસ્થાની નિષ્ફળતાના કારણસર અગવડ થાય અથવા કોઈ પણ વિલંબના પરિણામરૂપે અગવડ હોય, તો તે માટે Brampton Transit જવાબદાર નહીં રહે.

## શું તમે જાણતા હતા?

બધી Brampton Transit બસો બાયો-ડીઝલનો (biodiesel) ઉપયોગ કરે છે: જે પર્યાવરણ-મૈત્રીભાવની અને ફરીથી વપરાય તેવી ઊર્જાનો સ્રોત હોય છે.

એક પૂરેપૂરી ભરેલી બસ માર્ગ પરથી વધારે ભીડના સમયે 40 વાહનોને હટાવે છે, જેને લીધે 70,000 લીટર ઈંધણની બચત થાય છે અને વાર્ષિક રીતે નવ ટન જેટલા હવાના પ્રદૂષક તત્ત્વો ઓછા થાય છે.